माध्यमिक परीक्षा, 2024

Secondary Examination, 2024

नमूना प्रश्न–पत्र

Model Paper

विषय – गुजराती

Sub : Gujrati

कक्षा – 10वीं

Class : 10th

समय : 03 घण्टे 15 मिनट　　　　　　　　　　पूर्णांक : 80

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :**

**GENERAL INSTRUCTION TO THE EXAMINEES :**

(૧) પરીક્ષાર્થી સૌપ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

(૨) દરેક પ્રશ્ન કરવા ફરજીયાત છે.

(૩) દરેક પશ્નના જવાબ આપેલી પુસ્તીકામાં જ લખો.

(૪) જે પ્રશ્નપત્રમાં આંતરિક ખંડ છે તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

(૫) પ્રત્યેક પ્રશ્નમાં માગ્યા પ્રમાણે ઉત્તર લખવાના છે.

(૬) પ્રશ્નોના ગુણભાર નિમ્નાનુસાર છે.

| ખંડ | પ્રશ્નોના પ્રકાર | પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નોની સંખ્યાં | ગુણ દરેક પ્રશ્ન | કુલ ગુણભાર |
|---|---|---|---|---|---|
| ખંડ-અ (A) | બહુ વિકલ્પી પ્રશ્ન | ૧(૧થી૧૫) | ૧૫ | ૧ | ૧૫ |
| | પ્રશ્ન રિકત સ્થાન પૂર્તિ | ૨(૧થી૭) | ૭ | ૧ | ૭ |
| | અતિ લઘુ ઉત્તરાત્મક પ્રશ્ન | ૩(૧થી૧૦) | ૧૦ | ૧ | ૧૦ |
| ખંડ-બ (B) | લઘુ ઉત્તરાત્મક પ્રશ્ન (ઉત્તર શબ્દ સીમા લગભગ ૫૦ (પચાસ) શબ્દ) | ૪ થી ૧૫ | ૧૨ | ૨ | ૨૪ |
| ખંડ-ક(C) | દીર્ઘ ઉત્તરીય પ્રશ્ન/નિબંધાત્મક પ્રશ્ન (પ્રત્યેક પ્રશ્ન એક વિકલ્પ સહીત) | ૧૬ થી ૧૯ | ૪ | ૩ | ૧૨ |
| ખંડ-દ (D) | દીર્ઘ ઉત્તરીય પ્રશ્ન/નિબંધાત્મક પ્રશ્ન શબ્દસીમા લગભગ ૧૦૦ શબ્દપ્રતિ પ્રશ્ન (પ્રત્યેક પ્રશ્ન એક વિકલ્પ સહીત) | ૨૦ થી ૨૨ | ૩ | ૩+૪+૫ | ૧૨ |
| | યોગ | | ૫૧ | | ૮૦ |

વિભાગ : અ (A)

પ્રશ્ન : ૧ નીચે આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો. (પ્રત્યેકનો ૧ ગુણ)

(૧) ગવરીબાઈએ ભગવાનનું મંદિર કયા બનાવ્યું હતું ? ૧
(અ) જયપુરમાં (બ) ગિરિપુરમાં (ક) પાલનપુરમાં (ડ) જેસલમેરમાં

(૨) અખાના મતે શેના વિના ભકિત ન થઇ શકે ? ૧
(અ) ધન વિના (બ) ભગવાન વિના (ક) ઘર વીના (ડ) જ્ઞાન વિના

(૩) નરસૈયાને મદદ કરવા ભગવાન શેના ઉપર બેસીને આવ્યા હતા? ૧
(અ) બળદગાડામાં (બ) રેલગાડામાં (ક) ઘોડાગાડીમાં (ડ) ઉંટ ગાડીમા

(૪) ફૂલની સાથે રમતા કવિતામાં કવિ કોની સાથે રમવા ઈચ્છે છે ? ૧
(અ)બાળકો સાથે (બ) પંખીઓ સાથે (ક)ફૂલોની સાથે (ડ)વૃક્ષોની સાથે

(૫) વર્તમાન સમયમાં લોકોને શું માફક આવતું નથી ? ૧
(અ)માનવતા (બ) હવામાન (ક) વરાળ (ડ)વિશ્વાસ

(૬) બાદશાહે બાળક માટે શું લાવવાનો આદેશ કર્યો ? ૧
(અ)પાણી (બ) દૂધ (ક) ચા (ડ)

(૭) ''દેશભક્ત જગડુશા'' પાઠમાં પાટણનો રાજા કોણ હતો ? ૧

(અ) વિશળદેવ ( બ) જગડુશા (ક) કર્ણદેવ (ડ) ભામાશા

(૮) બાપુજી કયા રોગથી પીડાતા હતા? ૧

(અ) કોરોનાથી (બ) પ્લેગથી (ક) તાવથી (ડ) ટી.બી.થી

(૯) ' થેન્ક યું મિ.સેક્રેટરી' પાઠના લેખકનું નામ જણાવો. ૧

(અ) ડો.કિરણ બેદી (બ) પન્નાલાલ પટેલ (ક) સુન્દરમ (ડ) ઉમાશંકર જોશી

(૧૦) '' કૂઈ'' નો અર્થ શું થાય ? ૧

(અ) નાનો કુવો (બ) મોટો કૂવો (ક) નાનુ તળાવ (ડ) નદી

(૧૧) ' પતોજ'' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ? ૧

(અ) ચકોન (બ) અચરજ (ક) નવાઇ (ડ) વિસ્મય

(૧૨)'' માનવતા'' શબ્દનો વિરુદ્ધાર્થી નીચેના માંથી કયો છે ? ૧

(અ)પશુતા (બ) અયોગ્ય (ક) સજ્જન (ડ) મલિન

(૧૩) '' આદિત્ય'' નો સમાનાર્થી શબ્દ કયો છે ? ૧

(અ) સંપત્તિ (બ) વેપારી (ક) સુરજ (ડ) સોદાગર

(૧૪) ''કરમાવું'' શબ્દનો વિરોધી શબ્દ થાય... ૧

(અ)ખીલવું (બ) ભૂલવું (ક) ઉદય (ડ) અસ્ત

(૧૫) પ્રશ્નાર્થ વાક્ય ને અંતે કયું ચિન્હ મૂકવામાં આવે છે ? ૧

(અ) ઉદગાર ચિન્હ (બ) પૂર્ણ ચિન્હ (ક) પ્રશ્નાર્થ ચિન્હ (ડ) વિરામચિન્હ

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોમાં રિકત સ્થાનની પૂર્તિ કરો.

(૧) સાંજ...........ને ઢળીને ચાલી ટ્રેન ૧

(૨) ..................રોજ ભુરી બેંચ પર ઉભા રહેવાની સજા કરે. ૧

(૩) ....................મા સાથે માટી લેવા ગયો છું. ૧

(૪) મારા .............ની સામે એક રીક્ષા આવીને ઊભી રહી ૧

(૫)'' યુવાનો પાણીપુરી ઝાપટો '' પાઠના લેખક નું નામ ..........છે ? ૧

(૬) સજ્ઞા અને વિશેષતા દર્શાવતા શબ્દો ને .........કહે છે ? ૧

(૭) ''મારી રાકડી રૈયત'' વાક્યમાં વિશેષણ ...........છે ૧

પ્રશ્ન-૩- નીચેના અપઠીત ગદ્યાંશને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

એકાગ્રતાની શક્તિ જેમ વધુને વધુ કેળવાતી જશે, તેમ વધુને વધુ જ્ઞાનપ્રાપ્તિ થતી જશે, જ્ઞાન પ્રાપ્તિ નો આ જ એકમાત્ર ઉપાય છે, બુટપોલીસવાળો પણ જેટલો એકાગ્ર થશે તેટલો તે જોડાંને વધારે ચમકવાળા બનાવશે. એ જ રીતે એકાગ્રતાને લીધે રસોઈયો વધુ સારી રસોઈ બનાવશે ધન મેળવવામાં ઈશ્વરની આરાધના કરવામાં કે અન્ય કોઈ કાર્ય બજાવવામાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે તેટલું તે કાર્ય વધારે સારું થશે, માનવીની શક્તિઓને એકાગ્ર કર્યા સિવાય આ જગતમાંનું બધું જ્ઞાન ક્યાં મેળવાયું છે ? આપણે એના દ્વાર કેમ ખખડાવવા તે જાણીયે યોગ્ય પ્રહાર કેવી રીતે કરવો તે પિછાનીયે તો જગત તેના રહસ્યો આપણી સમક્ષ ખુલ્લા કરવા તૈયાર થાય છે એકાગ્રતા માંથી આ પ્રકારનું બળ અને શક્તિ આવે છે.

પ્રશ્નો- (૧) વધુ જ્ઞાનપ્રાપ્તિ માટે પાયાની શરત કઈ છે ? ૧

(૨) બુટપોલીશવાળો બુટને ચમવાળા ક્યારે બનાવી શકે ? ૧

(૩) એકાગ્રતા માટે કોના કોના ઉદાહરણો આપેલા છે ? ૧

(૪) જગતના રહસ્યો આપણે સમક્ષ ક્યારે ખુલ્લા થઈ શકે ? ૧

(૫) યોગ્ય શીર્ષક આપ. ૧

નીચેનો પઠિત ગદ્યાંશ વાચી તેની નીચેના પ્રશ્નોના ઉત્તર લખો

'' બાળપણમાં માટીમાં જ લીટીઓ તાણતા શીખ્યો છું, ત્રિકોણ અને ચોરસ લંબચોરસ અને વર્તુળ એવા નામ તો શિક્ષકે શીખવ્યાં પણ તે પહેલા એ બધાનો પરિચય માટીએ કરાવેલો એકડો પાડતા પણ માટીમાં અને કક્કો-બારાખડી ઘૂંટ્યા એ પણ માટીમાં ખાના પાડી ઘણી રમતો માટીમાં રમ્યો છું માટીમાં જ ગીલ્લી-દંડા અને હુતુતુ ખેલયા છે, માટીમાં લાંબા ફૂદકા માર્યા, માટીમાં જ હાર્યો છું અને માટીમાં જ જીત્યો છું માટીના કેટ કેટલા રંગ જોયા છે ' કાળી માટી, રાતી માટે, ભૂરી માટે, ભીની માટે, બળતરા મટાડે છે ચામડીના રોગો એણે મટાડ્યા છે માથું દુ:ખે ત્યારે તેને માથે બાંધી છે તાવ આવે ત્યારે તેને પેટે બાંધી છે આંખ આવી હોય તો ત્યારે આંખે બાંધી છે.

પ્રશ્નો- (૬) બાળ બાળપણમાં માટીમાં લેખક શું શીખ્યા હતા? ૧

(૭) કક્કો-બારાખડી લેખકે કયા ઘુટીયા હતા? ૧

(૮)માટીમાં લેખક કઈ કઈ રમત શીખ્યાં હતાં? ૧

(૯)માટીમાં લેખકે કયા કયા રંગ જોયા છે ? ૧

(૧૦) લેખકે માટી થી કયા કયા રોગનો ઉપચાર કર્યો હતો ? ૧

## વિભાગ :- બ (બી)

નીચે આપેલા પ્રશ્નોના બે થી ત્રણ વાકયમાં ઉત્તર લખો.

પ્રશ્ન – (૪) કવિ કેવા લોકોને મૂરખ ગણાવે છે ? શા માટે ? ૨

(૫) સૂર્યને ઉભા રહેવાની સજા થાય ત્યારે તે શું કરે છે ? ૨

(૬) ટ્રેન કઇ પ્રણાલીનું પાલન કરે છે ? ૨

(૭) '' ફુલનું મુખડુ '' કવિને કેવુ લાગે છે ? ૨

(૮) ખેતરમા ગાય ને જોતા જ મહાદેવે શું કર્યુ ? ૨

(૯) રીક્ષાવાળો કોનું ઘર શોધી રહયો હતો ? શા માટે ? ૨

(૧૦) આપણા બાપ-દાદા કેવા ભજીયા ખાતા હતા ? ૨

(૧૧) કઠીયારાઓ જે વૃક્ષ કાપી રહયા હતા તે કયું હતું ? ૨

પ્રશ્નો-(૧૨) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખો. ૨

(૧) મોમા પાણી આવવું.

(૨) હાથ ધોઇ નાંખવાં.

(૩) હાથ પીળા કરવા.

(૪) હૈયે ટાઢક વળવી.

પ્રશ્નો-(૧૩) નીચે આપેલા સમાસોના વિગ્રહ કરી સમાસ ઓળખાવો. ૨

(૧) પંચામૃત

(૨) માતા પિતા

(૩) દયાપાત્ર

(૪) ચિંતામુકત

પ્રશ્નો-(૧૪) નીચે આપેલી જોડણી સુધારો. ૨

(૧) પ્રિતિ

(૨) મંદીર

(૩) વીશ્વાસ

(૪) વાણીયો

પ્રશ્નો-(૧૫) નીચે આપેલી સંધિનો વિગ્રહ કરો. ૨

(૧) ન્યાયાધીશ

(૨) દેવાલય

(૩) ગજાનન

(૪) જીવાત્માં

## વિભાગ :- સ (સી)

નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.

પ્રશ્નો-(૧૬) જેસલમેર વિસ્તારમાં આવેલા વિશેષ ખેતરોનું વર્ણન કરો. ૩

અથવા

લેખકને વિનંતી કરતા રિક્ષાવાળો શું કહે છે ?

પ્રશ્નો-(૧૭) ''વેલી ઓફ ફ્લાવર્સ'' સાથે કઈ પ્રાચીન કથા જોડાયેલી છે ? ૩

અથવા

ડો. કિરણ બેદી સેક્રેટરી ની રીત ભાત જોઈને કઈ પ્રતિજ્ઞા લે છે ? ૩

પ્રશ્નો-(૧૮) શેના કારણે ચિતમાં બધું પલટાઈ જાય છે ?

અથવા

ભગવાન પોતાની સાથે કોને કોને લઈને આવે છે ?

પ્રશ્નો-(૧૯) કવિયત્રીએ બનાવેલા મંદિર ની શોભાનું વર્ણન કરો. ૩

અથવા

ફૂલ ની સાથે રમત રમત કવિતા નો ભાવાર્થ લખો.

## વિભાગ :- ૬ (ડી)

નીચે આપેલા પ્રશ્નોના માંગ્યા પ્રમાણે ઉત્તર લખો

પ્રશ્ન- (૨૦) ટ્રેનમાં બેસવાના તમારા અનુભવનું વર્ણન કરો ૩

અથવા

વૃક્ષો તમને કેવી રીતે મદદરૂપ થાય છે તે જણાવો.

પ્રશ્નો-(૨૧) તમારી શાળામાં યોજાયેલ ''શિક્ષક દિનની'' ઉજવણી નો અહેવાલ લખો ૪

અથવા

દસમા ધોરણના વિદ્યાર્થી ઓના વિદાય સમારંભનો અહેવાલ લખો.

પ્રશ્નો-(૨૨) નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. ૫

(૧) મૈત્રીની મહેક

(૨) પરિશ્રમ એ જ પારસમણિ

(૩) વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો

(૪) યાદગાર પ્રવાસ